સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. સાબરડેરી, હિંમતનગર.
સબપોસ્ટ : બોરીયા, નેશનલ હાઇવે નં. ૮, હિંમતનગર, પીન- ૩૮૩૦૦૬

પીએસપી / એએચ / ૨૦૨૫-૨૬ તા. ૧૭/ ૦૧/૨૦૨૬



# પરિપત્ર નંબર - ૬૬

પ્રતિ,
ચેરમેનશ્રી/ સેક્રેટરીશ્રી,

મહાશયશ્રી,

આથી સંઘ સંયોજિત તમામ દૂધ મંડળીઓને જણાવવાનુકે હાલમાં સંઘ સાથે સંકળાયેલ સાબરકાંઠા તેમજ અરવલ્લી જીલ્લાના પશુપાલકોના પશુઓમાં કથીરી-ઇતરડીનો ઉપદ્રવ વધુ પ્રમાણમાં જોવા મળે છે. કથીરી-ઇતરડી પશુઓમાં થાઇલેરિઓસિસ, બબેસીઓસીસ અને એનાપ્લાસ્મોસીસ જેવા જીવલેણ રોગોનો ફેલાવો કરે છે તેમજ કથીરી-ઇતરડીનો વધુ ઉપદ્રવ પશુઓમાં એનીમિયા, નબળી રોગ પ્રતિકારક શક્તિ અને દૂધ ઉત્પાદનમાં ભારે નુકસાન કરે છે. દરેક કથીરી-ઇતરડી મોટી સંખ્યામાં ઈંડા મુકે છે, જે પછીની સ્થિતિ નિયંત્રિત કરવી મુશ્કેલ બની જાય છે. સંઘ દ્વારા કથીરી-ઇતરડીના ઉપદ્રવને અટકાવવાના ભાગ રૂપે AMITRAZ LIQUID ૫૦ મિલી બોટલ દૂધ મંડળીઓની માંગણી મુજબ GCMMF VET MEDICINE RAL માંથી ખરીદ કરી સંઘના સોસાયટી સ્ટોર મારફતે **નહિ નફો નહિ નુકસાનના ધોરણે** જીલ્લાની દૂધ મંડળીઓને નીચે જણાવ્યા મુજબના ભાવે વેચાણથી આપવાનું નક્કી કરેલ છે. દૂધ મંડળીઓ સાબર ઈ સેવામાં લગત સોસાયટી સ્ટોરમાં ઓર્ડર મૂકી મંગાવી શકાશે.

| અ.નં. | વિગત | યુનિટ દીઠ ભાવ રૂપિયા | GST રૂપિયા | મંડળી/સભાસદ વેચાણ ભાવ રૂપિયા | રીમાર્ક |
|---|---|---|---|---|---|
| ૧ | એમીટ્રાઝ લીક્વીડ ૫૦ મિલી બોટલ | ૭૪.૦૦ | ૩.૭૦ | ૭૭.૭૦ | ઇતરડી- કથીરી માટે બાહ્ય ઉપચારની દવા |

સદર પરિપત્ર વ્ય. કમિટિની મિટીંગમાં વંચાણે લઇ સભાસદોને માહિતગાર કરવા નોટિસબોર્ડ પર પ્રસિધ્ધ કરવા વિનંતી છે.

**આભાર સહ...**

નકલ રવાના:
આપનો વિશ્વાસુ,
૧. ચેરમેનશ્રી તથા તમામ ડીરેક્ટરશ્રીઓ તરફ
૨. તમામ વિભાગીય વડાઓ તરફ
૩. ઇન્ચાર્જશ્રી તમામ શીતકેન્દ્ર/વેટરનરી/એમપીઓ તથા ફિલ્ડ સ્ટાફ તમામ

Sd/
(શ્રી સુભાષચંદ્ર વી પટેલ)
મેનેજીંગ ડીરેક્ટર,
સાબરડેરી, હિંમતનગર.